ગાંધીનગર સમાચાર

ગાંધીનગર **તાપમાન**
મહત્તમ : ૩૪.૮ ડીગ્રી
લઘુતમ : ૧૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૯ ટકા ● સાંજે ૨૪ ટકા

# શહેરના માર્ગો ગરમીના પગલે સુમસામ

## શહેરના ચ રોડ અને ખ રોડ જયાં હાલ સૌથી વધુ શહેરીજનોની અવર જવર થાય છે આ તમામ રોડ આજે સુમસામ જણાયા હતા





ગાંધીનગર, તા.૨૧

શહેરમાં ઉનાળાની ઋતુનો પૂરેપૂરો અહેસાસ થઈ રહ્યો છે. ડબલ સિઝનનો સામનો કરતા બિમારી અને સ્વાસ્થ્યને લગતી અનેક તકલીફો શહેરીજનોએ ભોગવવી પડી છે. આજે રવિવારનો દિવસ અને રજાના દિવસે તડકાનો અહેસાસ કરાવતા શહેરમાં શહેરીજનોએ આજે ઘરની બહાર નીકળવાનું ટાળ્યું હતું. શહેરના ચ રોડ અને ખ રોડ જયાં હાલ સૌથી વધુ શહેરીજનોની અવર જવર થાય છે. આ તમામ રોડ આજે સુમસામ જણાયા હતા.

શહેરમાં ઠેર ઠેર રોડ રસ્તાના કામ ચાલી રહ્યા છે ત્યારે મેઈન રસ્તા ચ રોડ અને ખ રોડ ઉપર દરરોજ વાહનોની અવર જવર રહેતી હોય છે. સચિવાલય અને પ્રાઈવેટ સેકટરોના કર્મચારીઓ ઓફિસના ટાઈમ દરમિયાન અને બાકીના શહેરીજનોની નાના-મોટા કામથી શહેરમાં અવર જવર રહેતી હોય છે. નાના મોટા વેપારીઓ ફેરીયાઓ પણ નાની મોટી ચીજવસ્તુઓ વેચવા માટે નીકળે છે ત્યારે આજે રવિવાર એટલે સરકારમાં રજાનો દિવસ સાથે ગરમીનો અહેસાસ કરાવતા આ દિવસમાં શહેરીજનોએ બહાર નીકળવાનું ટાળ્યું હતું. ઉપરાંત શહેરના વેપારી-ફેરીયાઓ પણ આજે નીકળ્યા ન હતા. શહેરના રસ્તા ખાલી હોવાથી શહેર જાણે કે શાંત પડી ગયું હોય તેમ જણાઈ રહ્યું હતું.

આજે કોરોનાના કેસ પણ ફરીથી વધવા લાગ્યા છે ત્યારે શહેરીજનો ઘરથી બહાર કામ વગર નીકળવાનું ટાળી રહ્યા છે. સરકારી ઓફીસ આજે બંધ છે અને અચાનક પડતા તડકાએ શહેરીજનોને ઘરમાં જ રહેવાનું અલગ જ કારણ આપી દીધું છે ત્યારે શહેરના તમામ રસ્તાઓ પર આજે વાહનોની અવરજવર વર્તાઈ ન હતી અને શહેર પોતાના ઓરીજીનલ શાંત સ્વભાવમાં આવી ગયું છે તેમ જણાઈ રહ્યું હતું.

## સીસીકા સેવા કાર્ય અર્થે શહેરમાં કાર્યરત

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ છેલ્લા ૨૮ વર્ષથી સામાજીક સેવા ક્ષેત્રે કાર્યરત છે. પરંતુ કોરોનાની મહામારીના સંજોગોમાં સેવાકીય પ્રવૃત્તિઓમાં ઓટ આવી હોવા છતાં ફરતુ દવાખાનું, એમ્બ્યુલન્સ વાન સેવા તથા જરૂરિયાતવાળી સંસ્થાઓને આર્થિક યોગદાન આપવાની સેવા હાલ પણ કાર્યરત છે.

સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ દ્વારા કરવામાં આવતી સેવાઓ અંતર્ગત સંસ્થા દ્વારા સે-૧૬ અંધશાળા, તથા સે-૨૮ બહેરા મૂંગા શાળામાં અનાજ કરિયાણાની જરૂરિયાતને પહોંચી વળવા આર્થિક સહાય કરવામાં આવી. સાથે નગરની આસપાસના બાર જેટલા ગામમાં ફરતા દવાખાનાની ઘરે બેઠા દવા આપવાની સેવા ચાલી રહી છે. પાછલા ત્રણ માસમાં આશરે ૩૩૦૦ જેટલા દર્દીઓને સારવાર આપવામાં આવી છે. આ સેવામાં ડૉ. અમૃતભાઈ પટેલ, કમ્પાઉન્ડ તથા ગાડી ચાલકની સદંતર સેવા પ્રાપ્ત થઈ છે. આ ઉપરાંત રાહતદરની એમ્બ્યુલન્સ સેવા પણ કાર્યરત છે. સંસ્થાના પ્રમુખ હસમુખ શાહ દ્વારા સર્વે સેવાકર્તાઓનો આભાર માનવામાં આવ્યો છે.

### ભારતના રાષ્ટ્રપતિના આગમનને પગલે

# સિવિલમાં બેઝ હોસ્પિટલ ઉભી કરાશે

## સિવિલ તંત્ર દ્વારા ત્રણ મેડીકલ ટીમો બનાવાઈ, તમામ વિભાગના એચઓડી ડોકટર્સ હાજર રહેશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે આયોજીત કેન્દ્રીય વિશ્વ વિદ્યાલયના ત્રીજા દિક્ષાંત સમારોહમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ખાસ ઉપસ્થિત રહેવાના છે. ત્યારે વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. રાષ્ટ્રપતિના આગમનને પગલે ગાંધીનગર સિવિલ તંત્ર દ્વારા પણ મેડીકલની ત્રણ ટીમો તૈયાર કરવામાં આવી છે. તે ઉપરાંત નવી બિલ્ડીંગના પ્રથમ માળે ખાસ વીવીઆઈપી રૂમ તૈયાર કરાયો છે. જયારે ગાંધીનગર સિવિલમાં બેઝ હોસ્પિટલ ઉભી બનાવવામાં આવી છે. જેમાં રાષ્ટ્રપતિના આગમનથી લઈને તેઓ ન જાય ત્યાં સુધી તમામ વિભાગના એચઓડી ડોકટર્સ ફરજ પર હાજર રહેશે.

સિવિલના અંતરંગ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ભારતના રાષ્ટ્રપતિના આગમનને પગલે સિવિલ તંત્ર દ્વારા પણ તૈયારીઓ શરુ કરાઈ છે. જેમાં મેડીકલની ત્રણ ટીમો બનાવાઈ છે. જેમાં એક ટીમ આઈસીયુ ઓન વ્હીલ સાથે કોન્વોયમાં, એક રાજભવન ખાતે, એક મહાત્મા મંદિર ખાતે સ્ટેન્ડ ટુ રહેશે. જયારે સિવિલ કેમ્પસમાં નવી બિલ્ડીંગના આઈ ઓપરેશન થિયેટરની પાછળના ભાગે વીવીઆઈપી રૂમ તૈયાર કરાયો છે. આ રૂમમાં જરુરી મેડીસીન સહિત આધુનિક મશીનરી પણ ઉપલબ્ધ છે. ઉપરાંત બ્લડના જરુરી યુનિટ પણ આરક્ષિત રાખવામાં આવનાર છે.જયારે હોસ્પિટલમાં પણ બે દિવસ માટે બેઝ હોસ્પિટલ ઉભી કરાઈ છે. જેમાં તમામ વિભાગના એચઓડી ડોકટર્સ ફરજ પર તૈનાત રહેશે. રાષ્ટ્રપતિના પ્રોટોકોલ અને સલામતીને ધ્યાને રાખીને સિવિલ તંત્ર દ્વારા કોઈ કચાશ રહી ન જાય તે માટે ખાસ તકેદારી લેવાઈ રહી છે. જયારે મેડીકલ ટીમમાં ઉપસ્થિત મેડીકલ ઓફિસર, ફીઝીશીયન, એનેસ્થેસીયા, સર્જન, સહિત સ્ટાફ નર્સ, અને ડ્રાઈવર સહિત તમામનો કોરોનો ટેસ્ટ કરવામાં આવશે.

## જન્મદિને વધામણી



**રાહીલ શાહ**
મો. ૯૯૭૯૭ ૩૨૮૪૯



**કીંજલ આર. ઠાકોર**
મો. ૯૮૭૯૨ ૫૯૪૧૮

## જે.એમ. ચૌધરી પ્રાથમિક વિદ્યાલય ખાતે આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૨૧

૨૧ ફેબ્રુઆરી આંતરરાષ્ટ્રીય ભાષા દિવસ તરીકે મનાવાય છે ત્યારે શહેરની જે.એમ. ચૌધરી પ્રાથમિક વિદ્યાલય ખાતે બાળકો માટે શ્રુત લેખન સ્પર્ધા યોજાઈ હતી. બાળકો સુંદર વિચારો વ્યકત કરતું લખાણ સુંદર અક્ષરે લખવા પ્રેરિત થાય તે ઉદ્દેશ્યથી આ સ્પર્ધા યોજવામાં આવી હતી. બાળકોમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ ત્રણ નંબર પણ આપવામાં આવ્યા હતા અને તેમના ઉત્સાહમાં વધારો કરાયો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન ભાવનાબેન, હંસાબેન તેમજ ઉષાબેન દ્વારા કરવામાં આવ્યું હતું. આચાર્ય ઈજુબેન ચૌધરીએ માર્ગદર્શન પુરું પાડયું હતું.

## અડાલજ વિસ્તારમાંથી સગીરા ગુમ થતા પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર નજીક આવેલા અડાલજ પોલીસ મથક વિસ્તારમાંથી એક સગીરા ગાયબ થતા પોલીસ ફરીયાદ નોંધાવા પામી છે. સુત્રો પાસેથી મળતી વિગત મુજબ ત્રણ દિકરી અને એક દિકરાના પિતા ગામમાં પ્રસંગ હોવાથી રસોડાની કામગીરી હાજરી આપવા માટે ગયા હતા. રાત્રીના સમયે તેમના કાકાએ જાણ કરી હતી કે તેની ૧૬ વર્ષિય દિકરી ઘરે હાજર નથી. જેથી પરિવારના સભ્યોએ આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી. સગીરાની બહેનપણીઓ પાસે તપાસ કરી હતી. જેમાં સગીરા કોબા ખાતે રહેતા યુવક સાથે કયારેક વાતો કરતી હોવાનું જાણવા મળ્યું હતું.જેથી પરિવારના સભ્યો કોબા પહોંચ્યા હતા. પરંતુ યુવક પ્રસંગમાં બહાર ગયો હોવાનું જાણવા મળ્યું હતું.જેથી તેઓ ચાંદખેડા પાસેના કાળીગામ ગયા હતા. જયા યુવક મળી આવ્યો હતો, પરંતુ સગીરા તેની પાસે હતી નહી, યુવકની પુછતાછ કરતા તેણે બપોરે સાડાત્રણ વાગ્યાના અરસામાં સગીરાનો ફોન આવ્યો હોવાનું કહ્યું હતું. જેમાં સગીરાએ યુવકને પોતાને બાઈક પર ગીતા મંદિર મુકી જવા માટે કહ્યું હતું. પરંતુ બહાર હોવાથી યુવકે તેને ના પાડી દીધી હતી. જેથી પરિવારના સભ્યોએ સમગ્ર બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. જેમાં પોલીસે અજાણ્યા શખ્સ સામે અપહરણનો ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.


## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. વાઘેલા હેમાંગીબા પુષ્પેન્દ્રસિંહ**
  ઉ.વ. ૧૭, પીંપળજ, ગાંધીનગર
- **સ્વ. પરમાર ભીખાભાઈ ચતુરભાઈ**
  ઉ.વ. ૬૪, આમજા તા. માણસા
- **સ્વ. ઠાકોર નેનાજી ફતાજી**
  ઉ.વ. ૫૫, પીપલજ, તા. દહેગામ

# ધારાસભ્યોને જે ભાવે વસ્તુ મળે તે ભાવે પ્રજાને પણ મળે તે જરૂરી..!!

## સંસદની કેન્ટીનમાં સબસિડી રદ કરવાથી દર વર્ષે લગભગ રૂ.૧૭ કરોડની સબસીડીની બચત : ગુજરાત વિધાનસભાની કેન્ટીનમાં સબસિડી નથી આપતી પરંતુ ટેન્ડર પ્રક્રિયાને કારણે સસ્તા ભાવે ભોજન ઉપલબ્ધ : જોકે આ ભાવ સાથે ગુણવત્તા જળવાય અને દરેક વ્યક્તિને આ ભાવનો લાભ મળે તે સુનિશ્ચિત કરવું જરૂરી



ગુજરાત વિધાનસભા

સદસ્ય કેન્ટીનમાં આપવામાં આવતી આઈટમોનું ભાવપત્રક

| અ.નં. | આઈટમની વિગત | એકમ અથવા જથ્થો | ભાવ (આંકડામાં) |
|---|---|---|---|
| ૧ | ચા આખી (તૈયાર કપમાં) | ૧૦૦ મી.લી. | ૭.૦૦ |
| ૨ | ચા અડધી (તૈયાર કપમાં) | ૫૦ મી.લી. | ૪.૦૦ |
| ૩ | કોફી આખી (તૈયાર કપમાં) | ૧૦૦ મી.લી. | ૭.૦૦ |
| ૪ | કોફી અડધી (તૈયાર કપમાં) | ૫૦ મી.લી. | ૪.૦૦ |
| ૫ | દુધ | ૧૦૦ મી.લી. | ૬.૦૦ |
| ૬ | ગોલ્ડ સ્પોટ | ૧ નંગ | એમ.આર.પી. |
| ૭ | ઠંડા પીણા | ૧ નંગ | એમ.આર.પી. |
| ૮ | છાશ (અમુલ કંપનીની) | ૧ થેલી (૫૦૦ મી.લી.) | એમ.આર.પી. |
| ૯ | આઈસ્ક્રીમ | | એમ.આર.પી. |
| | નાસ્તા વાનગી | | |
| ૧૦ | બ્રેડ બટર (૪ સ્લાઈસ બટર સાથે) | ૧ ડીશ | ૧૨.૫૦ |
| ૧૧ | ટોસ બટર (૩ નંગ) | ૧ ડીશ | ૭.૦૦ |
| ૧૨ | વેજી. સેન્ડવીચ (૨ સ્લાઈસ જોડે) | ૧ ડીશ | ૯.૦૦ |
| ૧૩ | પુરી શાક (૨૦૦ ગ્રામ પુરી, ૧ વાટકી શાક ૫૦ ગ્રામ) | ૧ પ્લેટ | ૧૫.૦૦ |
| | અ.નં. ૧૦ થી ૧૩ આઈટમો દરરોજ ફરજીયાત બનાવવાની રહેશે. | | |
| ૧૪ | મેથીના ગોટા | ૧૦૦ ગ્રામ | ૯.૯૯ |
| ૧૫ | મીક્ષ ભજીયા | ૧૦૦ ગ્રામ | ૯.૯૯ |
| ૧૬ | કાંદાવડા | ૧૦૦ ગ્રામ | ૯.૯૯ |
| ૧૭ | દાળવડા | ૧૦૦ ગ્રામ | ૧૪.૦૦ |
| ૧૮ | બટાટા વડા (૨ નંગના) | ૧૦૦ ગ્રામ | ૯.૯૯ |
| ૧૯ | પંજાબી સમોસા (૩ નંગના) | ૧૦૦ ગ્રામ ૧ ડીશ | ૧૨.૦૦ |
| | અ.નં. ૧૪ થી ૧૯ આઈટમમાંથી દરરોજ વારાફરથી ૨ આઈટમ ફરજીયાત બનાવવાની રહેશે. | | |
| ૨૦ | બફવડા | ૧૦૦ ગ્રામ | ૧૧.૦૦ |
| ૨૧ | ફરાળી પેટીસ | ૧૦૦ ગ્રામ | ૧૨.૦૦ |
| ૨૨ | પોટેટો ચીપ્સ | ૧૦૦ ગ્રામ | ૧૧.૦૦ |
| ૨૩ | બટાટા પૌંઆ | ૧૦૦ ગ્રામ ૧ ડીશ | ૮.૦૦ |
| ૨૪ | ઉપમા | ૧૦૦ ગ્રામ ૧ ડીશ | ૮.૦૦ |
| ૨૫ | ખમણ | ૧૦૦ ગ્રામ ૧ ડીશ | ૯.૦૦ |
| ૨૬ | સેવખમણી | ૧૦૦ ગ્રામ ૧ ડીશ | ૧૧.૦૦ |
| ૨૭ | સેવઉસળ | ૧૦૦ ગ્રામ | ૧૨.૦૦ |
| ૨૮ | પાતરા | ૧૦૦ ગ્રામ | ૯.૯૯ |
| | અ.નં. ૨૩ થી ૨૮ આઈટમમાંથી દરરોજ વારાફરથી ૨ આઈટમ ફરજીયાત બનાવવાની રહેશે. | | |
| ૨૯ | પાપડી | ૧૦૦ ગ્રામ | ૧૨.૫૦ |
| ૩૦ | સેવ તીખી અથવા મોળી | ૧૦૦ ગ્રામ | ૧૦.૦૦ |
| ૩૧ | ફાફડા (ચટણી મરચા સાથે) | ૧૦૦ ગ્રામ | ૧૨.૫૦ |
| ૩૨ | ગાંઠીયા / વણેલા ગાંઠીયા | ૧૦૦ ગ્રામ | ૧૨.૫૦ |
| ૩૩ | ફુલવડી | ૧૦૦ ગ્રામ | ૯.૯૯ |
| | અ.નં. ૨૯ થી ૩૩ આઈટમમાંથી દરરોજ વારાફરથી ૨ આઈટમ ફરજીયાત બનાવવાની રહેશે. | | |
| ૩૪ | ઈડલી સંભાર (૨ નંગ) | ૧ પ્લેટ | ૧૨.૫૦ |
| ૩૫ | મેદુવડા | ૧ પ્લેટ | ૧૮.૦૦ |
| ૩૬ | ઉત્તપમ | ૧ પ્લેટ | ૨૨.૦૦ |
| ૩૭ | દહીંવડા (૩ નંગ) | ૧ પ્લેટ | ૧૨.૫૦ |
| ૩૮ | સાદા ઢોંસા | ૧ પ્લેટ | ૧૮.૦૦ |
| ૩૯ | મસાલા ઢોંસા | ૧ પ્લેટ | ૨૨.૦૦ |
| | અ.નં. ૩૪ થી ૩૯ આઈટમમાંથી દરરોજ વારાફરથી ૨ આઈટમ ફરજીયાત બનાવવાની રહેશે. | | |
| ૪૦ | ફીક્સ લંચ, ચાર રોટલી/ભાખરી, ૧ શાક, ૧ કઠોળ ફરસાણ, દાળ-ભાત | | ૪૦.૦૦ |
| ૪૧ | અનલિમિટેડ લંચ (સ્વીટ સાથે) | | ૭૦.૦૦ |




ગાંધીનગર, તા.૨૧

આગામી માર્ચ માસમાં ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર શરૂ થવા જઈ રહ્યું છે અને આ બજેટ સત્રમાં રજૂ થનારા અંદાજપત્ર કોરોના મહામારીના કપરા કાળ પછીનું આ બજેટ હોવાને કારણે ખૂબ મહત્ત્વનું બની રહેશે. કોરોના મહામાર્ગને કારણે સમગ્ર વિશ્વના અર્થતંત્ર પર ઘેરી અસર પડી છે જેમાં ગુજરાતની જનતા પણ બાકાત નથી. ખાસ કરીને મધ્યમ તેમજ તેથી નીચેના વર્ગ જેને સરકારી નોકરી નથી તેની હાલત ખુબ જ કફોડી બનવા પામી છે. પ્રજા અસહ્ય મોંઘવારીનો માર સહન કરી રહી છે. જેમાં પેટ્રોલ ડિઝલના વધતા ભાવોએ બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે. આ સ્થિતિમાં સામાન્ય નાગરિકે પોતાના અનેક શોખ અને જરુરિયાતો પર કાપ મુકવો પડી રહ્યો છે જેમકે પહેલા સપ્તાહમાં એકવાર પરિવાર સાથે બહારનું જમવા જતો માનવી હવે તે રીતે રેસ્ટોરન્ટ કે હોટલમાં જમવા જવાના શોખ અંગે વિચારી પણ શકે તેમ નથી. જોકે આ સ્થિતિમાં પણ ધારાસભ્યોને મળતા મોટાભાગના લાભો યથાવત છે. જેમકે વિધાનસભાની કેન્ટિનમાં ધારાસભ્યોને આજે પણ એક અડધી ચા માત્ર રૂ.૪માં મળે છે જે માટે સામાન્ય માનવીએ બહાર ચાની કિટલી પર તેનાથી અઢી ગણા એટલે કે રૂ.૧૦ ચુકવવા પડે છે અને વિધાનસભાની કેન્ટિનમાં જે ફિક્સ ગુજરાતી થાળી માત્ર રૂ.૪૦માં મળે છે તેના તેણે બજારમાં રૂ.૯૦ થી રૂ.૧૨૦ ચુકવવા પડે છે. જોકે ગુજરાત વિધાનસભાની કેન્ટિનમાં સરકાર દ્વારા કોઈ સબસિડી તો ચૂકવવામાં આવી નથી પરંતુ ટેન્ડર પ્રક્રિયાને આધારે સદસ્ય નિવાસ સમિતિ વિધાનસભાનો કોન્ટ્રાક્ટ આપે છે જેના કારણે આ ભાવો ઉપલબ્ધ બને છે તેવું નાયબ સચિવ એ.બી.કરોવાએ ટેલિફોનિક વાતમાં જણાવ્યુ હતું.

ગત જાન્યુઆરી માસમાં દેશની સંસદમાં લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ જણાવ્યું હતું કે સાંસદ અને અન્ય નાગરિકોને આપવામાં આવતી કૅન્ટીનની સબસિડી હવે સંપૂર્ણ રીતે બંધ કરી દેવામાં આવી છે જેના પગલે હવે લોકસભાની કેન્ટીનમાં ઉપલબ્ધ ખોરાક સબસીડી વગર ચોક્કસ કિંમતે પીરસવામાં આવશે. સંસદની કૅન્ટીનમાં સબસિડી રદ કરવાના આ નિર્ણયને કારણે કારણે સંસદની કેન્ટીનને દર વર્ષે આપવામાં આવતી લગભગ રૂ.૧૭ કરોડની સબસીડીની બચત થશે. સબસિડી રદ કરાઈ તે અગાઉ લોકસભાની કેન્ટીનમાં પણ આખી ચા માત્ર પાંચ રૂપિયામાં અને દાળ પણ માત્ર પાંચ રૂપિયામાં પીરસવામાં આવતી હતી. અત્યારે જો ખરેખર બજારમાં દાળ ચોખા સહિત અનાજ કરિયાણાના ભાવો ચકાસવામાં આવે તો ખ્યાલ આવે કે સામાન્ય માનવીને ઘરમાં ખાવા માટે એક વાટકી દાળ ખરેખર કેટલા રુપિયામાં પડે છે જેની સામે સાંસદોને કેન્ટીનમાં કેટલા સસ્તામાં દાળ પીરસવામાં આવતી હતી. અરે સૂપની વાત કરીએ તો આજે કોઈપણ સામાન્ય રેસ્ટોરન્ટમાં તમે સૂપ ઓર્ડર કરો તો એક સૂપના રૂ.૬૦ સહિત રુપિયાથી લઈને રૂ.૧૫૦ સુધીની કિંમત હોય છે જ્યારે સંસદની કેન્ટીનમાં સૂપ માત્ર રૂ.૧૪માં પીરસવામાં આવતો હતો અને એક આખી વેજ થાળી માત્ર રૂ.૩૫માં જ ઉપલબ્ધ હતી. ભાતની એક પ્લેટ માત્ર રૂ.૧૦માં જ્યારે એક રોટલી માત્ર રૂ. ૨માં પીરસવામાં આવતી હતી.




સંસદની કેન્ટીનમાં સબસિડી રદ કરી દીધા પછી આ તમામ ભાવો લગભગ દોઢ થી બે ગણા થઈ જવા પામ્યા છે.

આજે ગુજરાત વિધાનસભાની વાત કરીએ તો અહીં આખી ચા કે કોફી માત્ર રૂ.૭માં, અડધી ચા કે કોફી માત્ર રૂ.૪માં, વેજ સેન્ડવીચ ૨ સ્લાઈસ સાથે માત્ર રૂ. ૯માં, મેથીના ગોટા કે મિક્સ ભજીયાંની એક પ્લેટ માત્ર રૂ.૯.૯૯માં, દાળવડાંની એક ફ્લેટ માત્ર રૂ.૧૪માં, ૩ નંગ સમોસા માત્ર રૂ.૧૨માં, ગાંઠિયાની એક પ્લેટ માત્ર રૂ.૧૨.૫૦માં, ખમણને એક પ્લેટ માત્ર રૂ.૯માં, ૨ નંગ ઈડલી અને સંભાર માત્ર રૂ. ૧૨.૫૦માં, મસાલા ઢોંસા રૂ.૨૨માં, પુરીશાક માત્ર રૂ.૧૫માં અને ફિકસ લંચ જેમાં ૪ રોટલી, ૧ કઠોળ, ફરસાણ, દાળ-ભાત સાથે માત્ર રૂ.૪૦ જયારે સ્વીટ ડિશ સાથેનું અનલિમિટેડ લંચ માત્ર રૂ. ૭૦માં ઉપલબ્ધ છે. આ ઉપરાંત અન્ય ઘણી બધી વાનગીઓ આ રીતે ખૂબ જ સસ્તા દરે વિધાનસભા કેન્ટીનમાં ઉપલબ્ધ છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગત વર્ષે વિધાનસભાની કૅન્ટીનમાં પીરસવામાં આવેલા ભોજનમાં દાળમાંથી જીવડુ નીકળવાની ફરિયાદ ઉભી થવા પામી હતી જેના પગલે તપાસ કરતાં બીજી એક વાત એ સામે આવી હતી કે તે સમયે વિધાનસભા કેન્ટિનમાં સબસીડીવાળુ પ્રાઈસ લિસ્ટ પણ લગાડવામાં આવેલું નહોતું જેના કારણે જે મુલાકાતીઓ ત્યાં નાસ્તો કરવા કે ભોજન કરવા આવતાં હતાં તેમની પાસે અલગ જ ભાવ વસૂલવામાં આવતો હોવાની ફરિયાદ પણ ઉઠવા પામી હતી. જીવડુ નીકળવાની ઘટના બાદ વિધાનસભાની કેન્ટીન પર જે પ્રાઈસ લિસ્ટ અત્યારે લગાડવામાં આવી છે તેના આધારે જ ઉપરોક્ત ભાવો જણાવવામાં આવ્યા છે. વિધાનસભા કૅન્ટીનમાં જે ભાવથી ખોરાક પીરસવામાં આવે છે તેમાં ગુજરાત સરકારની સબસિડી તો આપતી નથી છે કે પરંતુ કોન્ટ્રાક્ટર ટેંડર પ્રક્રિયાની સ્પર્ધામાં જે ભાવ નક્કી કરીને આપે છે તેમાં કોન્ટ્રાક્ટરે ખોરાકની ગુણવત્તા સાથે સમાધાન કરવું પડી શકે છે જેના કારણે તેને આરોગનારનું આરોગ્ય જોખમમાં મુકાય તેવી સ્થિતિ પેદા થઈ શકે છે તેથી તેમાં યોગ્ય ગુણવત્તા જળવાય તે પણ જોવું એટલું જ મહત્વનુ છે. વળી, કેટલાક મુલાકાતીઓની એવી પણ ફરિયાદ પણ સાંભળવા મળે છે કે વિધાનસભાની કેન્ટિનમાં જે પ્રાઈસ લિસ્ટ લગાડેલું છે તે માત્ર દેખાવ પૂરતું છે પરંતુ તેમની પાસેથી બજારભાવ પ્રમાણે કિમત વસૂલવામાં આવે છે અને જો કાઉન્ટર પર હાજર વ્યક્તિને પ્રાઈસ લિસ્ટ બતાવી બિલની રકમ કેમ વધુ વસૂલી એ બાબતે પૂછવામાં આવે તો તે પ્રાઈસ લિસ્ટ 'ધારાસભ્યો' માટે જ છે તેવો જવાબ આપે છે. જોકે આ રોકડિયો વ્યવહાર હોવાથી આ બાબતે કોઈ પ્રમાણ મુશ્કેલ બને પરંતુ તેના માટે સદસ્ય નિવાસ સમિતિ પોતે આકસ્મિક તપાસ કરે તો શક્ય બને પરંતુ તે ચોકસાઈ જરૂરી છે કે ધારાસભ્યોને જે ભાવે વસ્તુ મળે તે ભાવે પ્રજાને પણ મળે તે જરૂરી છે કેમકે આખરે તો પ્રજાએ જ તેમને ચૂંટયા છે અને પ્રજાના પૈસે જ તેમને બધી સવલતો ઉપલબ્ધ બની રહે છે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@gmail.com